GJBH030002102019

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ : | ૨૧ | ૦૧ | ૨૦૧૯ |
| નિકાલ તારીખ : | ૦૫ | ૦૮ | ૨૦૨૬ |
| સમય અવધિ : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૭ | ૦૬ | ૧૫ |

**મે. અંકલેશ્વરનાં ત્રીજા એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું. અંકલેશ્વર**

**ક્રિ.કે. નં. ૯૫/૨૦૧૯**
**આંક:–**

**ફરીયાદી :–** **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી :–** **વિક્રમભાઈ નાનુભાઈ વસાવા**
રહે. જૂના કાશીયા, નર્મદા નદીના કિનારે,
તા.અંકલેશ્વર, જી.ભરૂચ

**ગુનો: – ઈ.પી.કો. કલમ– ૩૨૬, ૫૦૪, જી.પી.એકટ કલમ– ૧૩૫ મુજબ**

| | |
|---|---|
| ફરીયાદી તરફે વકીલશ્રી | :– વિધ્વાન એ.પી.પી.શ્રી. કે.એલ. દેસાઈ |
| આરોપી તરફે વકીલશ્રી | :– વિધ્વાન વકીલશ્રી એમ.વી. દિવેચા |

**–::ચુ કા દો ::–**

**કેસની ટુંકી વિગત:–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૧૨/૦૯

/૨૦૧૮ ના કલાક ૧૨:૩૦ વાગ્યાના સમયે મોજે જુના કાસીયા ગામની સીમમાં તા.અંકલેશ્વર જી. ભરૂચ ખાતે આ કામના ફરીયાદીની ઉપરોકત જણાવેલ તારીખ ટાઈમ જગ્યાએ જુના કાંસીયા ગામની સીમમાં ઢોર ચરાવતા હતા તે વખતે આ કામના આરોપી વિક્રમભાઈ નાનુભાઈ વસાવા તેઓના હાથમાં કુહાડી લઈ ફરીયાદી પાસે ધસી આવી ગમેતેમ ગાળો બોલી ફરીયાદીએ ગાળો નહી બોલવા કહેતા. આરોપીએ ઉશ્કેરાઈ જઈ તેના હાથમાની કુહાડી ફરીયાદીના ડાબા પગે તેમજ જમણા પગે મારી ગંભીર ઈજા પહોચાડી મે.ડી.એમ. સા.શ્રીના નોટીફીકેશનનો ભંગ કરી, ઈ.પી.કોડ કલમ-૩૨૬,૫૦૪ તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબ ગુનો કરેલ હોય, તે અંગેની ફરીયાદીએ સબંધિત પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતા તેના આધારે પોલીસ તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા ઉપરોકત ગુન્હા સબબ હાલનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) આરોપી સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, સમન્સ કરવામાં આવતા અને આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ - ૨૦૭ મુજબ ચાર્જશીટ તથા પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ, આરોપી સામે આંક-૪ થી તહોમતનામુ ફરમાવી આરોપીની આંક - ૫ થી પ્લી રેકર્ડ કરવામાં આવતા અને તેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષે તેની તકરારોના સમર્થનમાં નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

**<u>મૌખીક પુરાવા</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ દિલીપભાઈ સોમાભાઈ વસાવાની જુબાની | ૧૩ |
| ૨ | સાહેદ કાળાભાઈ રમેશભાઈ પાટણવાડીયાની જુબાની | ૧૫ |
| ૩ | સાહેદ વિલાસબેન દિલીપભાઈ વસાવાની જુબાની | ૧૬ |
| ૪ | પંચ સાહેદ મહેશભાઈ દલસુખભાઈ વસાવાની જુબાની | ૧૭ |
| ૫ | સાહેદ મગનભાઈ મૂળજીભાઈ પટેલની જુબાની | ૧૮ |
| ૬ | સાહેદ દિનેશભાઈ ગણેશભાઈ વસાવાની જુબાની | ૧૯ |
| ૭ | સાહેદ લાલુભાઈ રામુભાઈ વસાવાની જુબાની | ૨૦ |
| ૮ | સાહેદ રામસિંગ ઈશ્વરભાઈ વસાવાની જુબાની | ૨૧ |
| ૯ | સાહેદ અ.હે.કો. અમરસિંહ ગોવિંદભાઈની જુબાની | ૨૩ |
| ૧૦ | સાહેદ અશ્વિનભાઈ રણછોડભાઈની જુબાની | ૨૬ |
| ૧૧ | સાહેદ સુરેશનંદન રામ નારાયણ યાદવની જુબાની | ૩૦ |
| ૧૨ | ફરીયાદી જયંતીભાઈ નટવરભાઈ વસાવાની જુબાની | ૩૨ |
| ૧૩ | ત.ક.અમલદાર પી.એસ.આઈ. કિરણકુમાર હેમજીભાઈ સુથારની જુબાની | ૩૫ |

**<u>દસ્તાવેજી પુરાવા</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૪ |

| | | |
|---|---|---|
| ૨ | ટેલીફોન વર્ધી | ૨૪ |
| ૩ | ફરીયાદ | ૨૫ |
| ૪ | એફ.આઈ.આર. | ૨૭ |
| ૫ | ગુનો રજીસ્ટર કરવા અંગેનો રીપોર્ટ | ૨૮ |
| ૬ | તપાસ અંગેની યાદી | ૨૯ |
| ૭ | મેડીકલ સર્ટીફીકેટ | ૩૧ |

(૪) ઉપરોકત મુજબનો પુરાવો રજુ થયા બાદ ફરીયાદપક્ષ તરફે મૌખીક રીતે પુરાવો પુરો થયાનુ જાહેર કરવામા આવતા, આ કામે ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવા અન્વયે આરોપીનું સીઆર. પી. સી. કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવુ જરૂરી જણાતુ હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમા તેઓએ ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમા જણાવેલ છે કે, અમોનિર્દોષ છીએ. કહેવાતો ગુનો કરેલ નથી. ખોટી ફરીયાદના આધારે અમોને ખોટી રીતે સદર ગુનામા આરોપી તરીકે જાહેર કરેલ છે. આવો કહેવાતો ગુનો અમોએ કરેલ નથી. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ. એ. પી.પી.શ્રીતથા આરોપી તરફે વિ.વ.શ્રી ની મૌખિક દલીલો સાંભળી.

(૫) સબબ, ઉપરોકત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે:–

**<u>–:: મુદાઓ ::–</u>**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે, તા. ૧૨/૦૯/૨૦૧૮ ના કલાક ૧૨:૩૦

વાગ્યાના સમયે મોજે જુના કાંસીયા ગામની સીમમાં તા.અંકલેશ્વર ખાતે આ કામના ફરીયાદી ઢોર ચરાવતા હતા તે સમયે આ કામના આરોપી હાથમાં કુહાડી લઈ ફરીયાદીને જેમ તેમ ગાળો આપી હાથમાની કુહાડી ફરીયાદીના ડાબા પગે તેમજ જમણા પગે મારી ગંભીર ઈજા પહોચાડી, ઈ.પી.કોડ કલમ–૩૨૬, ૫૦૪ તથા જી.પી. એકટ કલમ–૧૩૫ મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારાત્મક,

(૨) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

**–:: <u>કારણો</u> ::–**

**<u>મુદા નં. ૧:–</u>**

(૮) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારૂ આંક–૧૩ થી પંચ સાહેદ દીલીપભાઈ સોમાભાઈ વસાવા તથા આંક–૧૭ થી પંચ સાહેદ મહેશભાઈ દલસુખભાઈ વસાવાને તપાસેલ છે. સદર પંચ સાહેદો પોતાની કોર્ટ રૂબરૂની સોગંદ પરની જુબાની દરમ્યાન પોતાની સરતપાસમાં આંક–૧૪ થી રજુ થયેલ પંચનામામાં પોતાની સહી સીવાયની અન્ય કોઈ હકીકતને

લેશમાત્ર સમર્થન કરી શકેલ ન હોય જેથી ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્રારા સદર સાહેદોને હોસ્ટાઈલ જાહેર કરી કોર્ટની પરવાનગીથી સદર સાહેદોની વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે. તેમ છતા સદર સાહેદોની ઉલટ તપાસ દરમ્યાન સદર સાહેદોની સરતપાસમાં જણાવેલ હકીકતથી વિશેષ કે ફરીયાદપક્ષના કેસને મદદરૂપ બની શકે તે મુજબની કોઈ હકીકત રેકર્ડ પર આવી શકેલ નથી.

(૯) ફરીયાદપક્ષે આંક–૧૫ થી સાહેદ કાળાભાઈ રમેશભાઈ પાટણવાડીયાને તપાસેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, ''હું આ કામના ફરીયાદી તથા આરોપીને ઓળખુ છું. આરોપી આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે. હું દુર ચલાવવાનુ અને ખેતી કામમાં મજુરી કરુ છું. બનાવ કયારે કેટલા સમય પહેલા બનેલો તેની મને કોઈ જાત માહીતી નથી. હાલના આરોપી વિરુધ્ધ જયંતીભાઈએ કોઈ ફરીયાદ આપેલી હોય તો તેની મને ખબર નથી. પોલીસે મારી કોઈ પુછપરછ કરેલી નથી પરંતુ માત્ર મારુ નામ લખી લીધેલું. '' સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રી દવારા ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસ કરવા છતા તેઓએ પોતાની પોલીસ રુબરુના નિવેદનની હકીકતને સમર્થન આપેલ નથી. સદર સાહેદની બચાવપક્ષે આરોપી તરફે વિ.વ.શ્રીએ કોઈ ઉલટ તપાસ કરેલ નથી.

(૧૦) ફરીયાદપક્ષે આંક–૧૬ થી સાહેદ વિલાસબેન દિલીપભાઈ વસાવાને તપાસેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, '' હું આ કામના ફરીયાદીને ઓળખતી નથી પરંતુ આરોપીને ઓળખુ છું. આરોપી આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે. હું દુર ચલાવવાનુ અને ખેતી કામમાં મજુરી કરુ છું. બનાવ કયારે કેટલા સમય પહેલા બનેલો તેની મને કોઈ જાત માહીતી નથી.

હાલના આરોપી વિરુધ્ધ જયંતીભાઇએ કોઈ ફરીયાદ આપેલી હોય તો તેની મને ખબર નથી. પોલીસે મારી કોઈ પુછપરછ કરેલી નથી પરંતુ માત્ર મારુ નામ લખી લીધેલું. '' સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રી દવારા ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસ કરવા છતા તેઓએ પોતાના પોલીસ રુબરુના નિવેદનની હકીકતને સમર્થન આપેલ નથી. સદર સાહેદની બચાવપક્ષે આરોપી તરફે વિ.વ.શ્રીએ કોઈ ઉલટ તપાસ કરેલ નથી.

**(૧૧)** ફરીયાદપક્ષે આંક–૧૮ થી સાહેદ મગનભાઈ મુળજીભાઈ પટેલને તપાસેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, '' હુ ઉપરના બતાવેલ ઠેકાણે મારા કુટુંબ સાથે રહુ છું. આ બનાવ વિશે હું કાંઈ જાણતો નથી. પોલીસે ખાલી મારુ નામઠામ પુછયુ હતું.'' સદર સાહેદને વિ.એ.પી.પી. શ્રી દવારા ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસ કરવા છતા તેઓએ પોતાના પોલીસ રુબરુના નિવેદનની હકીકતને સમર્થન આપેલ નથી. સદર સાહેદની બચાવપક્ષે આરોપી તરફે વિ.વ.શ્રીએ કોઈ ઉલટ તપાસ કરેલ નથી.

**(૧૨)** ફરીયાદપક્ષે આંક–૧૯ થી સાહેદ દિનેશભાઈ ગણેશભાઈ વસાવાને તપાસેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, '' હુ ઉપરના બતાવેલ ઠેકાણે મારા કુટુંબ સાથે રહુ છું. આ બનાવ વિશે હું કાંઈ જાણતો નથી. પોલીસે ખાલી મારુ નામઠામ પુછયુ હતું.'' સદર સાહેદને વિ.એ.પી.પી. શ્રી દવારા ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસ કરવા છતા તેઓએ પોતાના પોલીસ રુબરુના નિવેદનની હકીકતને સમર્થન આપેલ નથી. સદર સાહેદની બચાવપક્ષે આરોપી તરફે વિ.વ.શ્રીએ કોઈ ઉલટ તપાસ કરેલ નથી.

**(૧૩)** ફરીયાદપક્ષે આંક–૨૦ થી સાહેદ લાલુભાઈ રામુભાઈ વસાવાને

તપાસેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, '' હુ ઉપરના બતાવેલ ઠેકાણે મારા કુટુંબ સાથે રહુ છું. આ બનાવ વિશે હું કાંઈ જાણતો નથી. પોલીસે ખાલી મારુ નામઠામ પુછ્યુ હતું.'' સદર સાહેદને વિ.એ.પી.પી. શ્રી દવારા ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસ કરવા છતા તેઓએ પોતાના પોલીસ રુબરુના નિવેદનની હકીકતને સમર્થન આપેલ નથી. સદર સાહેદની બચાવપક્ષે આરોપી તરફે વિ.વ.શ્રીએ કોઈ ઉલટ તપાસ કરેલ નથી.

**(૧૪)** ફરીયાદપક્ષે આંક–૨૧ થી સાહેદ રામસિંગભાઈ ઈશ્વરભાઈ વસાવાને તપાસેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તા.૧૨/૦૯/૨૦૧૮ ના રોજ સવારના આશરે દશેક વાગ્યે હુ તથા અમારા ગામના બીજા પશુપાલકો જયંતિભાઈ નટવરભાઈ વસાવા તથા કિરણભાઈ ઈશ્વરભાઈ વસાવા તથા વિલાસબેન દિલીપભાઈ વસાવા તથા કાળાભાઈ રમેશભાઈ પાટણવાડીયા તથા ચિરાગ ઉર્ફે લાલભાઈ કૌશિકભાઈ વસાવા નાઓ અમારા ઢોરો ચરાવવા માટે કાશીયા ગામની સીમમાં નર્મદા નદીના કિનારે ગયેલ હતા અને હુ માર ભેસો ચરાવતો હતો. તે વખતે શું બનેલુ તે મે જોયેલુ નથી.'' સદર સાહેદને વિ.એ.પી.પી. શ્રી દવારા ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસ કરવા છતા તેઓએ પોતાના પોલીસ રુબરુના નિવેદનની હકીકતને સમર્થન આપેલ નથી. સદર સાહેદની બચાવપક્ષે આરોપી તરફે વિ.વ.શ્રીએ કોઈ ઉલટ તપાસ કરેલ નથી.

**(૧૫)** ફરીયાદપક્ષે આંક–૨૩ થી સાહેદ અ.હે.કો. અમરસિંહ ગોવિંદભાઈને તપાસેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, ''ગઈ તારીખ ૧૨/૯/૨૦૧૮ના રોજ હું અંકલેશ્વર શહેર પોલીસ સ્ટેશનમાં અહેકો તરીકેફરજ બજાવતો હતો તે દરમિયાન પો.સ્ટે અમલદારશ્રી નાએ ભરૂચ સિવિલ હોસ્પિટલમાંથી ફરજ પરના ડોક્ટર શ્રી સુરેશ નંદન આર યાદવ

સાહેબનાએ લખાવેલ ટેલીફોન વર્ધી આધારે એએસઆઈ પીતાંબરભાઈ વર્ધી લખાવેલ દર્દી નામે જયંતીભાઈ નટવરભાઈ વસાવા રહે નવા કાસીયા નાઓ ગામની સીમમાં તેના ગામના વિક્રમભાઈ નાનુભાઈ નાઓ સાથે ઝઘડો થતાં જેન્તીભાઈ જમણા પગમાં વિક્રમભાઈ નાનુભાઈએ કુહાડી મારતા ટ્રેક્ચર થયેલ તેમજ ડાબા પગમાં ઈજા થયેલ જે બનાવો કલાક ૧૨:૦૦ થી ૧૨:૩૦ વાગે બનેલ છે જેથી તેમના પત્નીએ ૧૦૮ એમ્બ્યુલન્સમાં ભરૂચ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લાવતા કલાક ૧૪:૪૬ વાગે દાખલ કરેલ છે અને દર્દી ભાનમાં છે જે મતલબની ટેલીફોન વર્ધી લખાવેલ જેમાં અંકલેશ્વર શહેર પોલીસ સ્ટેશન અમલદારની સહી છે જે ટેલીફોન વર્ધી આવક નંબર ૫૦૬/૧૮ છે જેથી સદરહુ વર્ધી આધારે અમોએ ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે જઈ કાર્યવાહી કરી રિપોર્ટ કરવાનું જણાવેલ જે અસલ ટેલીફોન વર્ધી મને બતાવવામાં આવે છે જેમાં પી એસ ઓ ની સહી છે જે સહી હું ઓળખી બતાવું છું જે અસલ ટેલીફોન વર્ધીને દાખલ આંક–૨૪ આપવામાં છે. સદર રહુ ટેલીફોન વર્ધી ના આધારે અમો ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ગયેલા અને ત્યાં આ કામના ફરિયાદી જેન્તીભાઈ નટવરભાઈ વસાવા રહે નવા કાસીયા ગામ નાઓએ મારી રૂબરૂ ફરિયાદ લખાવેલ કે તેઓ તારીખ ૧૨/૯/૨૦૧૮ ના રોજ સવારે ૯:૩૦ વાગે મારા ઢોરો લઈને કાસીયા ગામની સીમમાં ચરાવવા માટે ગયેલા અને ત્યાં ઢોરો ચરાવતા હતા ત્યારે અમારા ગામના બીજા પશુપાલકો પણ ક્યાં હાજર હતા અને બપોરે આશરે ૧૨:૩૦ વાગે અમારા ગામનો વિક્રમભાઈ નાનુભાઈ વસાવા પોતાના હાથમાં કુહાડી લઈને આવેલો અને ફરિયાદીને કહેવા લાગેલ કે તું દાદો થઈ ગયેલ છે તારે માર ખાવો છે તેમ કહેતા ફરિયાદીએ કહેલ કે મેં શું કરેલ છે જેથી આ વિક્રમભાઈ નાનુભાઈએ ફરિયાદીને કહેલ કે તું તારા ઢોર કેમ પહેલા છોડી મૂકે છે જેના લીધે મારા ઢોરો ભૂખે મરે છે તેમ કહી ગમે તેવી ગાળો બોલવા લાગેલ અને તેના હાથમાં ની કુહાડી ફરિયાદીના પગના ડાબા ભાગે નળા પાસે ઊંધી મારી દીધેલી જેના કારણે ચામડી ફાટી લોહી નીકળવા લાગેલ અને ફરિયાદી નીચે પડી ગયેલ ત્યારબાદ આ વિક્રમ એ તેના હાથમાં ની કુહાડી ફરિયાદીને જમણા પગે નડા પાસે બે ત્રણ વખત કુહાડીના ઉંધા તથા ચત્તા ગા મારી દીધેલ જેથી ફરિયાદીએ બૂમાબૂમ કરતા નજીકમાંથી રામસિંગભાઈ વિલાસબેન કિરણભાઈ

દોડી આવેલા અને આ વિક્રમના માર માંથી ફરિયાદીને છોડાવેલા વિગેરે મતલબની ફરિયાદ ફરિયાદીએ મારા રૂબરૂમાં લખાવેલી અને મારી રૂબરૂમાં ફરિયાદી એ સહી કરેલી જે અસલ ફરિયાદ મને બતાવવામાં આવે છે જેમાં મારી તથા ફરિયાદીની સહી હું ઓળખી બતાવું છું જે અસલ ફરિયાદને રજુ દાખલ આંક - ૨૫ આપવામાં આવે છે. જે મુજબની અમારી રૂબરૂની વિગતવાર ની ફરિયાદ લખી લાવી ગુનો રજીસ્ટર કરવા સારું પી એસ ઓ શ્રીનેરિપોર્ટ આપતા પીએસઓએ અંકલેશ્વર શહેર પોલીસ સ્ટેશન ડાયરી એન્ટ્રી નંબર ૧૭/૧૮ કલાક ૨૦:૧૫ વાગે ગુના રજીસ્ટર નંબર ફસ્ટ ૨૨૦/૧૮ થી ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ પ્રોબેશનલ પીએસઆઇ કે સુથાર સાહેબના અને સોંપેલી. ગુનો રજીસ્ટર કરવા બાબત અમોએ રિપોર્ટ કરેલો તે રિપોર્ટ બતાવવામાં આવે છે જે તે જ છે. બચાવપક્ષ તરફે આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે મેં આ કામે ફરિયાદ લીધેલી તે સિવાય બીજી કોઈ કાર્યવાહી કરેલી નથી.

**(૧૬)** ફરીયાદપક્ષે આંક-૨૬ થી સાહેદ અશ્વિનભાઈ રણછોડભાઈને તપાસેલ છે. તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે, '' ગઈ તારીખ ૧૨/૯/૨૦૧૮ નારોજ હું અંકલેશ્વર શહેર પોલીસ સ્ટેશનમાં પીએસઓ તરીકે ફરજ બજાવતો હતો તે દરમિયાન ભરૂચ સિવિલ હોસ્પિટલમાંથી ફરજ પરના ડોક્ટર શ્રી સુરેશ નંદન આર યાદવ સાહેબનાએ લખાવેલ ટેલીફોન વર્ધી આધારે અમરશીભાઈ ગોવિંદભાઈ બકલ નંબર ૯૨૧ નાઓએ ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે જઈ આ કામના ફરિયાદી જેન્તીભાઈ નટવરભાઈ વસાવા રહે નવા કાસીયા ગામ નાઓની આરોપી વિક્રમભાઈ નાનુભાઈ વસાવા રહે જૂના કાસીયા નવો વિરુધ્ધમાં આઇ.પી.સી. કલમ ૩૨૬, ૫૦૪ તથા જીપીએક્ટ કલમ ૧૩૫ મુજબની તેઓના રૂબરૂની વિગતવાર ની ફરિયાદ લખી લાવી ગુનો રજીસ્ટર કરવા સારું રિપોર્ટ આપતા અમોએ અંકલેશ્વર શહેર પોલીસ સ્ટેશન ડાયરી એન્ટ્રી નંબર ૧૭/૧૮ કલાક ૨૦:૧૫ વાગે ગુના રજીસ્ટર નંબર ફસ્ટ ૨૨૦/૧૮ થી ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ પ્રોબેશનલ પીએસઆઇ કે સુથાર સાહેબના અને સોંપેલી મને એફ.આઇ.આર.

બતાવવામાં આવે છે જેમાં પીએસઓ તરીકે મારી સહી છે જે હું ઓળખું છું જેને રજુ દાખલ આંક– ૨૭ આપવામાં આવે છે મને ગુનો રજીસ્ટર કરવા બાબત અમરસિંગભાઈએ રિપોર્ટ કરેલો તે રિપોર્ટ બતાવવામાં આવે છે જે તે જ છે જેને રજુ દાખલ આંક–૨૮ આપવામાં આવે છે. આ કામે મેં ગુનાની તપાસ યાદી તૈયાર કરેલી જે આજરોજ રજૂ કરુ છુ જેમાં મારી સહી છે જે આધારે તપાસ કરનારા અમલદારે તપાસ સંભાળી લીધેલી જે સૂચિપત્રને રજુ દાખલ આંક–૨૯ આપવામાં આવે છે. મને અસલ ફરિયાદ બતાવવામાં આવે છે જે અમરસિંહ નાઓએ લીધેલી તે જ છે. જે મને ફરિયાદ નોંધવા આપેલી તે જ છે. "

બચાવપક્ષ તરફે આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી અમરસિંહ ભાઈએ લેખિત ફરિયાદ રજૂ કરેલી જે અમોએ એફઆઈઆર રજીસ્ટર એ નોંધેલી અને તપાસ કરનાર અમલદારને તપાસ સોંપેલી આ સિવાય અમે બીજી કોઈ કાર્યવાહી કરેલી નથી કે ફરિયાદની હકીકત બાબતે એમાં કશું જાણતા નથી.

(૧૭) ફરીયાદપક્ષે **આંક–૩૦ થી સાહેદ સુરેશ નંદન રામ નારાયણ** યાદવને તપાસેલ છે. તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે, '' ગઈ તારીખ ૧૨/૯/૨૦૧૮ ના રોજ હું મેડિકલ ઓફિસર તરીકે સિવિલ હોસ્પિટલ ભરૂચ ખાતે ફરજ બજાવતો હતો તે દરમિયાન બપોરના ૧૪:૪૬ વાગે એક દર્દી નામે જેન્તીભાઈ નટવરભાઈ વસાવા, ઉંમર વર્ષ ૪૪ રહે નવા કાસીયા તાલુકો અંકલેશ્વર ના મારી પાસે પોલીસ યાદી વિના ૧૦૮ એમ્બ્યુલન્સમાં તેમના પત્ની ભાવનાબેન સાથે સારવાર અર્થે આવેલા દર્દીને બનાવ વિશે પૂછતા તેઓએ જણાવેલું કે તે દિવસે બપોરે ૧૨ થી ૧૨:૩૦ વાગ્યાની આસપાસ ખેતરમાં વિક્રમભાઈ નાનુભાઈ વસાવા એ કુહાડી વડે હુમલો કરી ઈજા કરેલ છે જેઓની શારીરિક તપાસણી કરતા નીચે મુજબની ઈજાઓ જણાયેલી.

ઈજા નંબર ૧ ડાબા પગની ઉપર અને સામેના ભાગે એક છુંદાયેલો ઘા હતો જે ૧/૪ સેન્ટિમીટર અને ચામડી સુધી ઊંડો હતો. તેની દિશા ઉભી હતી અને તેની ઉપર લાલ કલરની લોહીની ગઠ્ઠો જામેલો હતો.

ઈજા નંબર ૨ જમણા પગની ઉપરની સામેના વાગે (એક છુંદાયેલો ઘા

હતો જેનું માપ ૪ સેમી* ૧૪ સેમી હાડકા સુધીઊંડો હતો અને તેની ઉપર લાલ કલરની લોહીની ગાંઠો જામેલી હતી અને તે ભૂલી ગયો હતો. ગાના અંદરના ભાગે જમણા ભાગના ટીબીયા નામના હાડકાને એકથી વધુ અસ્થિ ભંગ જણાયેલ.

દર્દીને વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલના હાડકા રોગના નિષ્ણાત પાસે રિફર કરવામાં આવેલા અને તેની સર્જરી કરવામાં આવેલી. દર્દીને તારીખ ૨૨/૯/૨૦૧૮ ના રોજ બપોરે ૧:૩૦ વાગે રજા આપવામાં આવેલી. સદારહો દર્દી અમારી પાસે પોલીસ યાદી વિના આવેલા હોય જેથી અમોએ ભરૂચ સિવિલ હોસ્પિટલમાંથી ટેલિફોન વર્ધી અંકલેશ્વર શહેર પોલીસ સ્ટેશનને લખાવેલી, જે ટેલીફોન વર્ધી સદા રહો કામમાં આંક–૨૪ થી રજૂ છે. જે તે જ વર્ધી છે. સદા રહો ઈજા પામનારને અમોએ સારવાર આપ્યા બાદ તેઓનું સારવાર સર્ટિફિકેટ આપવામાં આવેલું જે તારીખ ૧૨/૦૯/૨૦૧૮ ના રોજનું જેનો ઈન્ડોર એમ એલ સી નંબર ૮૩૧૦૨ છે જે સર્ટિફિકેટ મારા હસ્તાક્ષરમાં છે જેમાં મેડિકલ ઓફિસર તરીકે મારી સહી છે જે સહી હું ઓળખી બતાવું છું જે અસલ મેડિકલ સર્ટિફિકેટને રજુ દાખલ આંક–૩૧ આપવામાં આવે છે. દર્દીને જે ઈજા હતી તે પૈકી ઈજા નંબર એક અને બે ગંભીર પ્રકારની ઈજા હતી. અને દર્દીને જે ઈજા હતી તે પડી જવાથી એકી સાથે સંભવી શકે તેવી ઈજા ન હતી.

બચાવપક્ષ તરફે આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, મને દર્દીએ હિસ્ટ્રી જણાવેલી. એ વાત ખરી છે કે હિસ્ટ્રીમાં કુહાડી લખાવેલ છે. એ વાત ખરી છે કે અમારા અભિનીયન પ્રમાણે આવી ઈજા હાર્ડ એન્ડ ઓબ્જેક્ટ દ્વારા થઈ શકે "તેવી ઈજા હતી. એ વાત ખરી છે કે દર્દીને સાપ કટીંગ ઈજા ન હતી. એ વાત ખરી નથી કે આવી ઈજા કુહાડીથી થયેલી નથી. એ વાત ખરી છે કે કુહાડીનો સીધો ભાગ મરેલો કે ચત્તો ભાગ મારેલો તે જણાવેલ નથી. એ વાત ખરી નથી કે દર્દીને સામાન્ય પ્રકારની ઈજા હતી. એ વાત ખરી છે કે કોઈ ખેતરમાં ઢોર કોઈ વ્યક્તિને શિંગડા થી ઊંચકીને ફેંકી દે તો આવી ઈજા સંભવી શકે છે.

(૧૮) ફરીયાદપક્ષે આંક–૩૨ થી **ફરીયાદી જયંતીભાઇ નટવરભાઇ વસાવાને**

તપાસેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, ''બનાવ ગઈ તારીખ ૧૨/૯/૨૦૧૮ ના રોજ બનેલો. બનાવનાર રોજ સવારના આશરે ૧૧:૧:૦૦ વાગે હું મારી ભેંસો લઈને કાસીયા ગામની સીમમાં ચરાવવા માટે લઈને ગયેલો ત્યાં પડતર જમીન ઉપર ઘાસચારો ઉકેલો હતો. જ્યાં હું ઢોરો લઈ ચરાવતો હતો. તે વખતે અમારા ગામના બીજા પશુપાલકો રામસિંગભાઇ, વિલાબેન, કિરણભાઈ, કાળાભાઈ, અને લાલાભાઈના પણ હતા. અને તેઓ પણ ઢોરો ચરાવતા હતા. અને બપોરે આશરે ૧૨, ૧૨:૩૦ વાગ્યાના અરસામાં વિક્રમભાઈ કુહાડી લઈને આવેલા અને મને કહેલું કે તું દાદો થઈ ગયો છે તારે માર ખાવો છે તેથી મેં કહેલું કે હું દાદો નથી જેથી વિક્રમ એ મને કહેલું કે તને મારે મારવો છે. અને મેં કહેલું કે મને મારી લે અને તેના હાથમાંની કુહાડી વડે મારા પગના ડાબા અને જમણા ભાગે મારી દીધેલ. અને કુહાડીના ઊંધા ચત્તા ગા મારા જમણા પગે મારી દીધેલા. તે વખતે હું નીચે પડી ગયેલો જેથી રામસિંગભાઈ, વિલાસબેન તથા બીજા દોડી આવેલા અને મને મારમાંથી છોડાવેલો અને બીજા લોકો ભેગા થતા વિક્રમ તેની કુહાડી લઈ જતો રહેલો. અને દિનેશભાઈએ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવેલી મને વિક્રમે કુહાડીના ઘા મારતા મારા પગનો નળાનો ભાગ છૂટો થઈ ગયેલો હતો. જેથી મને ભરૂચ સિવિલ હોસ્પિટલમાં દસેક દિવસ સારવાર માટે દાખલ કરેલો અને મેં ભરૂચ હોસ્પિટલમાં આરોપી વિરુદ્ધ ફરિયાદ આપેલી. આરોપી વિરુદ્ધ ફરિયાદ આપેલી જે આંક–૨૫ વાળી અસલ ફરિયાદ મને બતાવવામાં આવે છે, જેમાં મારી સહી છે જે હું ઓળખું છું, હું આરોપીને ઓળખું છું જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે. આ કામના આરોપી સાથે જે બનાવ બનેલો તે બનાવવામાં તેઓ અમને ધમકીયો આપતા હોય જેથી અમો અમારી સાસરી રાણીપુરા ઝઘડિયા મુકામે ઢોરો લઈને જતા રહેલા છીએ. અને હાલમાં પણ હું ત્યાં જ રહું છું. આ લોકો અમોને ઢોરો ચારવા દેશે નહીં તેવી ધમકીઓ આપતા હોય, અને હું નહીં તો મારો દીકરો ચરાવવા જાય તો આવું ફરી ઘા કરે તો મારા દીકરાનું શું થાય તેથી હું રાણીવાવ જતો રહેલો છું. મને આરોપી વિક્રમભાઈએ જે કુહાડીથી મારેલો હતો તે કુહાડી બતાવવામાં આવે તો હું ઓળખી શકું.

મને મુદ્દા માલ કુહાડી બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે બનાવો સમય આ કુહાડી આરોપી વિક્રમ નાનુભાઈ વસાવાના હાથમાં હતી, જે

કુહાડીથી તેઓએ મને પગના નળાના ભાગે મારી દીધેલ. જેનાથી મને ઈજા થતાં ફ્રેક્ચર થયેલું તે જ કુહાડી છે જે કુહાડી હું ઓળખી બતાવું છું. સદર બનાવ સમયે આરોપી વિક્રમે મારુ ગળું દબાવી નાખેલું હતું. સદર બનાવવામાં મને ઈજા થતાં ભરૂચ સિવિલ હોસ્પિટલમાં આશરે પંદરેક દિવસ મને સારવાર હેઠળ રાખેલો. હું આરોપીને ઓળખું છું જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે.''

બચાવપક્ષ તરફે આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, મેં ધોરણ ત્રણ સુધી અભ્યાસ કરેલો છે. મને અત્યારે કેટલા વાગ્યા છે તે બાબતે સમય નહીં સમજ છે. એ વાત ખરી નથી કે આ કામના આરોપી વિક્રમભાઈ નાનુભાઈ તથા અમારા ગામના અને બીજા ગામના બીજા ઢોરકો તેમના ઢોરો ચરાવવા માટે ગમે તે સમયે છોડી દેતા હતા. એ વાત ખરી છે કે મારા ઢોરો, વિક્રમભાઈના ઢોરો તથા અન્ય પશુપાલકોના ઢોરો અગાઉ સીમમાં અલગ અલગ સમયે ચરતા હતા. એ વાત ખરી નથી કે તે સમયે અમારા બધા વચ્ચે મીટીંગ થયેલી અને બધાના ઢોરો એક સમયે ચરાવવા તેવું નક્કી થયેલું. એ વાત ખરી નથી કે તે સમયે સવારે ૧૦:૦૦ વાગ્યાનો રાખેલો. એ વાત ખરી નથી કે તે સમયે કોઈ ઢોર ચારક રહી જાય તો તેની રાહ જોઈ સાથે સીમમાં ઢોર ચરાવવા માટે મોકલવાના તેવું પણ નક્કી થયેલું. એ વાત ખરી નથી કે જે અલગ અલગ સમયે ઢોરો છોડી દેતા હતા અને તેમાં કેટલાકના ઢોર ચરી લે અને કેટલાકના ભુખે રહી જતા હતા બનાવના બે ત્રણ માસ પહેલા મારે વિક્રમભાઈ સાથે બોલાચાલી થયેલી. એ વાત ખરી નથી કે ત્યારબાદ બે થી ત્રણ માસ સુધી ઢોર ચલાવવા બાબતે સારી રીતે ચાલેલું. એ વાત ખરી છે કે રાજ પારડીમાં મારા સાઢુભાઈ રહે છે. એ વાત ખરી નથી કે તેઓ મંત્ર તંત્ર વિદ્યા જાણે છે. એ વાત ખરી નથી કે અમારા ગામના લોકોને અમારા સાધુ મંત્ર તંત્ર વિદ્યા જાણે છે તેની જાણ છે. એ વાત ખરી નથી કે તે કારણે વિક્રમભાઈ સિવાય અમને બોલવામાં બીજું કોઈ મળેલું નહીં. એ વાત ખરી છે કે જે દિવસે મને પગમાં વાગેલું તે દિવસે મેં સવારે ૮:૩૦ વાગે ઢોર સીમમાં ચરવા છોડી દીધેલા. એ વાત ખરી છે કે તે દિવસે મારે વિક્રમભાઈ સાથે મારા ઢોર વેલા છોડી દેવા બાબતે બોલાચાલી થયેલી. એ વાત ખરી નથી કે આ ઢોર છોડવાના એક દોઢ કલાક બાદ આ બોલાચાલિ થયેલાનો બનેલો. મારા

કહેવા પ્રમાણે બે અઢી કલાક પછી આ બોલાચાલી નો બનાવ બનેલો.

સવાલ : એટલે કે તમારે બોલાચાલીનો બનાવ ૮:૩૦ થી બે અઢી કલાક એટલે કે ૧૧ થી ૧૧:૩૦ વાગ્યે બનેલો?

જવાબ: આ બોલાચાલી નો બનાવ ૧૧ વાગ્યા પહેલા બનેલો.

એ વાત ખરી છે કે કાસીયા ગામમાં મારું અને આરોપીનું એક જ શેઢે ખેતર આવેલું છે. એ વાત ખરી છે કે ખેતરમાં કોઈ બનાવ બનેલો નથી. એ વાત ખરી છે કે આરોપી સાથે મારે ખેતરમાં કોઈ મારામારીનો બનાવ બનેલો નથી. એ વાત ખરી છે કે મેં મારી ફરિયાદમાં હું અગિયારેક વાગ્યે ભેંસો લઈ ચરાવવા ગયેલો તેવું લખાવેલું નથી. એ વાત ખરી છે કે મારી ફરિયાદમાં મેં તને મારે મારવો છે અને મેં કહેલું કે મને મારી લે તેવી હકીકત લખાવેલી નથી. એ વાત ખરી નથી કે દવાખાનામાં મને ઈન્જેક્શન આપેલું હોય હું સો ટકા ભાનમાં નહોતો.

સવાલ : તમે તમારી ફરિયાદમાં એવી હકીકત લખાવેલી છે કે ૧૦૮ જુના કાસે ગામમાંથી આવતા મને પણ સીમમાંથી ઉપાડી અમારી સાથેના ગોપાલકો ગામમાં લાવેલા તેવું જણાવેલું છે પરંતુ કયા ગોપાલ આવેલા તેવું જણાવેલું નથી?

જવાબ. એ વાત ખરી નથી. મને જે ગોપાલકો લાવેલા તેમના નામ મેં ફરિયાદમાં જણાવેલા છે.

એ વાત ખરી નથી કે મારી ફરિયાદમાં કયા ગોપાલા કો મને લાવેલા તેમના નામ ફરિયાદમાં જણાવેલા નથી. એ વાત ખરી નથી કે બાર સાડા બાર વાગ્યાના અરસામાં મારા ગામના વિક્રમ નાનું વસાવા તેમની હાથમાંની કુહાડી મારા પગમાં ઉંધા ચત્તા ઘા મારેલા હોય તેવું બનેલું નથી. એ વાત ખરી નથી કે સીમમાં આવો કોઈ બનાવ બનેલો નથી. એ વાત ખરી છે કે હું બેસો રાખું છું. બનાવ સમયે મારી પાસે ૧૮ ભેંસો હતી. આ ભેસોને સંભાળવા માટે તથા સાચવવા માટે હું લાકડી રાખું છું. એ વાત ખરી છે કે આ લાકડી પાંચ ફૂટ જેટલી મોટી છે. એ વાત ખરી છે કે ઢોરો આમ તેમ જાય ત્યારે અમે તેમને આ લાકડીથી મારતા હોઈએ છીએ. એ વાત ખરી છે કે આ ઢોરોને આ લાકડી વડે દિશા આપવામાં આવે છે. એ વાત ખરી નથી કે બાર સાડા બારના અરસામાં સીમમાંથી મારા ખેતર ઉપર ઢોરોને –લાવતા ઢોરોને સાચવવા માટે જે લાકડી

રાખેલી તેનાથી ઢોરોને સાચી દિશા આપવા જતા મારા ખેતરમાં મારી ભેંસોએ મને ભડકી જઈ તેમના શિંગડા વડે મને ઊંચકીને પછાડી દીધેલ જેના કારણે મારા ખેતરમાં મને આવી ઈજા થયેલી. એ વાત ખરી છે કે આ બનાવ બન્યા બાદ આરોપી મને ધમકી આપે છે તે બાબતે ની લેખિત ફરિયાદ મેં પોલીસ સ્ટેશનમાં આપેલી નથી. મારી પત્ની નું નામ ભાવના છે, મારા દીકરા નું નામ કાર્તિક, ભરત અને પિયુષ છે. એ વાત ખરી છે કે આ બનાવ બન્યા બાદ હું મારા ખેતરમાં શાકભાજીના પાક લઉં છું.

સવાલ : હાલમાં પણ તમે તમારા ખેતરે જઈ ખેતી કરી શાકભાજી ઉગાડી તેનું વેચાણ કરી આવક મેળવો છો?

જવાબ : હું નથી કરતો મારી પત્ની કરે છે.

એ વાત ખરી નથી કે મને કોઈએ ધમકી આપેલી નથી. એ વાત ખરી નથી કે મને કોઈએ માર મારેલો નથી કે કુહાડીના ઉંધા ચત્તા ઘા મારેલા નથી. એ વાત ખરી નથી કે હું મારા ડોર પહેલા છોડી દેતો હોય તે બાબતે આરોપી સાથે અગાઉ બુલા ચાલી અને ઝઘડો થયેલ હોય તેની રીસ રાખી આરોપી સામે હાલની ખોટો કેસ કરી ખોટી જુબાની આપું છું. એ વાત ખરી નથી કે આ સીમમાં આવો કોઈ બનાવ બનેલો નથી કે આવા કોઈ પશુપાલકો મને ઊંચકીને લઈ ગયા હોય તેવું બનેલું નથી. એ વાત ખરી નથી કે અમારા ઘરના કે હું ૧૦૮ બોલાવીને ભરૂચ ભરૂચ સિવિલ હોસ્પિટલમાં જઈ સારવાર કરાવી આરોપી સામે ખોટો કે ઉભો કરેલ છે. એ વાત ખરી છે કે જે ફરિયાદ લખેલી છે તે પોલીસે લખી લીધેલી છે કે મને બનાવવાની હકીકત પૂછેલી. પરંતુ મને ફરિયાદ વાંચીને સંભળાવેલી નથી. એ વાત ખરી છે કે લખાવો હું હોસ્પિટલમાં સભાન અવસ્થામાં ન હતો અને પોલીસે તેમની જાતે ફરિયાદ લખી લીધેલી અને મને ફક્ત સહી કરવાનો કહેતા મેં સહી કરેલી તે સિવાય ફરિયાદમાં શું લખેલું છે તેની મને કોઈ જાત માહિતી નથી. એ વાત ખરી નથી કે આરોપીએ મને કુહાડી મારેલી તે હકીકતમાં ખોટી જણાવું છું અને ખોટી રીતે કુહાડી ઓળખી બતાવું છું. એ વાત ખરી નથી કે હું 15 દિવસ હોસ્પિટલમાં રહેલો તે હકીકત પણ ખોટી જણાવું છું.

ફરીયાદીની ફેરતપાસ કરવામાં આવેલ છે. જેમા તેઓને સવાલ પુછતા

કે તમે સર તપાસમાં જણાવેલ છે કે મને વિક્રમ એ કુહાડીના ઘા મારતા મારા પગના નાળાનો ભાગ છૂટો થઈ ગયેલો જેથી મને ભરૂચ હોસ્પિટલમાં ૧૦ એક દિવસ સારવાર માટે દાખલ કરેલા અને મેં ભરૂચ હોસ્પિટલમાં આરોપી વિરુદ્ધ ફરિયાદ આપેલી જે ફરિયાદ આંક ૨૫ વાળી મને બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે હું ઓળખું છું જે ફરિયાદ વાળી હકીકત તમે લખાવેલી તે હકીકત સાચી કે તમે ઉલટ તપાસ દરમિયાન એવું લખાવેલ છે કે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં હું સભાન અવસ્થામાં ન હતો તે સમયે પોલીસે જાતે ફરિયાદ લખી લીધેલી અને માત્ર મારી સહી લીધેલી તો આ બંને હકીકતમાંથી કઈ હકીકત સાચી? તેના જવાબમા ફરીયાદી જણાવે છે કે, મેં લખાવેલી તે હકીકત સાચી છે.

ત્યારબાદ બચાવપક્ષ તરફે ફરીયાદી ફેરતપાસ પુરતી ઉલટ તપાસમાં જણાવે છે કે, દવાખાને કોણ કોણ હતા તેના જવાબમાં જણાવું છું કે હું અને મારા પત્ની હતા. મને ફરિયાદ બતાવવામાં આવે છે જેમાં સહી છે તે મારી હોવાનું હું સ્વીકાર છું. એ વાત ખરી છે કે મેં પોલીસને લેખિત ફરિયાદ આપેલી નથી. એ વાત ખરી છે કે પોલીસે જે ફરિયાદ લખી લીધેલી છે તે મને વાંચી સંભળાવેલી નથી.

**(૧૯)** ફરીયાદપક્ષે આંક–૩૫ થી ત.ક.અમલદાર પી.એસ.આઇ. કિરણકુમાર હેમજીભાઇ સુથારને તપાસેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, ''સને ૨૦૧૮–૧૯ માં અમો અંકલેશ્વર સીટી પોલીસ સ્ટેશનમાં પીએસઆઇ તરીકે ફરજ બજાવતાં હતાં તે દરમ્યાન તા. ૧૨/૦૯/૨૦૧૮ ના રોજ તરફથી સદર ગુનાની તપાસ મળતાં તપાસ સંભાલી લીધેલ જે ગુનાના કામે ફરીયાદી જયંતિભાઇ નટવરભાઇ વસાવાનાઓની સીવીલ હોસ્પીટલ ભરૂચ ખાતેથી અહેકો અમસિંહ ગોવિંદભૈનાઓ રૂબરૂની ફરીયાદ રજીસ્તર કરવા સારૂ પીએસઓને સુપ્રત કરવામાં આવેલી જે ગુનો રજીસ્ટર કરવા બાબતનો રીપોર્ટ આમ્ક– ૨૮ થી રજુ છે જેમાં એ જી વાળાની સહી છે જે હું ઓળખી બતાવુ છું સદર ગુનાના કામે ફરીયાદ લેવા સારૂ ભરૂચ સીવીલ હોસ્પીટલમાંથી ફરજ પરના ડોક્ટરશ્રીએ ટેલીફોન વર્ધી અંકલેશ્વર સીટી પોલીસ સ્ટેશનમાં લખાવેલી જે વર્ધી પીએસઓ IS એ લખી લીધેલિ જે વર્ધી

આંક– ૨૪ થી રજુ છે જેમાં પીએઅઓ ની સહી છે જે હું ઓળખી બતાવુ છું જે વર્ધી આધારે એ જી વાળાનાઓ ભરૂચ સીવીલ હોસ્પીટલમાં જઈ ફરીયાદીની ફરીયાદ તેઓના લખાવ્ય મુજબ લખી લીધેલી તેમજ પીએસઓ એ સદર ગુનો રજીસ્ટર કરેલ જે એફ આઈ આર આંક– ૨૭થી રજુ છે તે જ છે ત્યારબાદ સદરહું ગુનાના કામે તપાસ અમોને સુપ્રત કરવામાં આવેલી જે અસલ યાદી આંક–૨૯ થી રજુ છે જેમાં પીએસઓની સહી છે જે હું ઓળખી બતાવું છું ત્યારબાદ સદર કામે અમોએ તપાસ સંભાળી લીધેલી જે ગુનાના કામે ફરીયાદીની ફરીયાદ મુજબ તા. ૧૨/૦૯/૨૦૧૮ ના રોજ કલાક ૧૨.૩૦ વાગે જુના કાંસીયા ગામે સીમમાં તેઓ ઢોર ચરાવતાં હતાં તે વખતે આરોપી વિક્રમભાઈ નાનુભાઇ વસાવા તેઓએ હાથમાં કુહાડી લઈ ફરીયદી પાસે આવી ગમેતેમ ગાળો બોલી ફરિયાદીએ ગાળો બોલાવાનુ ના પાડતાં આરોપી ઉશ્કેરાઇ જઇ તેના હાથમાંની કુહાડી ફરીયાદીના ડાબ પગે તથા જમણા પગે મારી ગંભીર ઈજા પહોંચાડેલી. ત્યારબાદ સદર ગુનાના કામે પંચ દીલીપભાઈ તથા મહેશભાઇ નાઓ રૂબરૂ સાહેદ કિરણભાઈ છગનભાઈ વસાવાનાઓ ગુનાવાળી જગ્યા બતાવતાં હોય જે જગ્યા જોતાં કાંસીયા ગામની સીમમાં નર્મદા નદીના દક્ષીણ તરફના છેડા તરફ ખુલ્લી પડતર જમીના આવેલી છે જે અંગેનુ વિગતવારનું પંચનામું મારા રૂબરૂ કરવામાં આવેલુ જેમાં બંને પંચોએ સહી કરેલી તે હું ઓળખી તાવુ છું જે આંક– ૧૪ થી રજુ છે તે જ છે. ત્યારબાદ સદર ગુનાના કામે આરોપીઓનું અટક પંચનામુ તેમજ મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું બે પંચો રુબરૂ કરવામાં આવેલુ જે પંચનામું રજુ છે ત્યારબાદ સદર ગુનાના કામે લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા તેમજ સદર ગુનાના કામે ફરીયાદીનું સારવાર સર્ટીફીકેટ અમોએ તપાસના કામે મેળવી રજુ કરેલ છે જે સર્ટીફીકેટ આંક– ૨૨ થી રજુ છે તેજ છે જે મુજબ ફરીયાદીને થયેલ ઈજા ગંભીર પ્રકારની ઈજા છે. આમ આઅરોપી સામે પુરતો પુરાવો ગુનાના કામે અટક કરી ચારજશીટ કરવામાં આવેલ, આરોપીને ઓળખુ છું જે આજરોજ કોર્ટમાં હાજર છે તેજ છે. "

બચાવપક્ષ તરફે આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી નથી કે હુ ગુનાવાળિ જગ્યાએ ગયેલ નથી. એ વાત ખરી નથી કે પોલીસ સ્ટેશનમાં બેસી જાતે પંચનામા લખી લીધેલ છે. એ વાત ખરી

નથી કે તમામ સાહેહોના નીવેદનો ફરીયાદને અનુરૂપ જાતે લખી લીધેલ છે. એ વાત ખરી છે કે ફરીયદી ફરીયાદ પ્રમાણે બનાવ કાંસીયા ગામની સીમમાં બનાવ બનેલાનુ લખાવેલ છે જ્યારે મેડીકલ સર્ટીફિકેટમાં એવુ લખાવેલ છે કે બનાવ ખેતરમાં બનેલ છે. એ વાત ખરી છે કે ફરીયાદીની ફરીયાદ અને મેડીકલ સર્ટીફિકેટમાં બનાવ વાળી જગ્યા અલગ હોય તે બાબતે ફરીયાદીનું વીશેશ નીવેદન લેવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદીની ફરીયાદ મારા રૂબરૂ ન હોય આ ફરીયાદ કોણે લખાવી તેની મને કોઈ જાત માહીતી નથી. એ વાત ખરી છે કે ફરીયાદીની ફરીયાદ બાદ ફરીયાદીનું કોઇ વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. એ વાત ખરી નથી આરોપીએ ફરીયાદીને કેસ પ્રમાણેની ઈજા પહોંચાડેલ નથી. એ વાત ખરી છે કે આ કામે કોઈ ઓળખ પરેડ કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે આ કામે કબજે કરવામાં હથીયાર પર કોઇ નિશાન જણાઈ આવેલ નથી. એ વાત ખરી છે કે સામાન્ય રીતે ખેડુત માણસો કુહાડી જેવા હથીયાર રાખતાં હોય છે. એ વાત ખરી નથી કે ફરીયાદીની ફરીયાદ મુજબ આરોપીએ આવો કોઈ ગુનો કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે ખોટી તપાસ કરી ખોટુ ચારજશીટ કરવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી સામે અપુરતાં પુરાવા હોય ખોટુ ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**<u>પુરાવાનું પૃથ્થકરણ:-</u>**

**(૨૦).** આમ, ઉપરોકત વિગતે ફરીયાદપક્ષે રજુ થયેલ લેખીત, મૌખીક પુરાવો તથા કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લઈ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામના ફરીયાદીને આંક-૩૨ થી તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમની સરતપાસમાં ફરીયાદની હકીકતને સમર્થન કરવાનો પ્રયત્ન કરેલ છે. ફરીયાદીની ઉલટ તપાસમાં મહત્વની હકીકત જણાય આવે છે કે, જેમ્ર્ તેઓ સ્વીકાર કરે છે કે,

"એ વાત ખરી છે કે ખેતરમાં કોઈ બનાવ બનેલો નથી. એ વાત ખરી છે કે આરોપી સાથે મારે ખેતરમાં કોઈ મારામારીનો બનાવ બનેલો નથી. એ વાત ખરી છે કે મેં મારી ફરિયાદમાં હું અગિયારેક વાગ્યે ભેંસો લઈ ચરાવવા ગયેલો તેવું લખાવેલું નથી. એ વાત ખરી છે કે મારી ફરિયાદમાં મેં તને મારે મારવો છે અને મેં કહેલું કે મને મારી લે તેવી હકીકત લખાવેલી નથી. એ વાત ખરી છે કે જે ફરિયાદ લખેલી છે તે પોલીસે લખી લીધેલી છે કે મને બનાવવાની હકીકત પૂછેલી. પરંતુ મને ફરિયાદ વાંચીને સંભળાવેલી નથી. એ વાત ખરી છે કે લખાવો હું હોસ્પિટલમાં સભાન અવસ્થામાં ન હતો અને પોલીસે તેમની જાતે ફરિયાદ લખી લીધેલી અને મને ફક્ત સહી કરવાનો કહેતા મેં સહી કરેલી તે સિવાય ફરિયાદમાં શું લખેલું છે તેની મને કોઈ જાત માહિતી નથી. "

આ કામના ઈજા પામનાર/ફરીયાદી તેમના પત્ની ભાવનાબેન સાથે સારવાર માટે આવેલ હોવાનુ જણાવે છે. આ કામના/ઈજા પામનારના પત્નિના કોઈ નિવેદન ત.ક શ્રી દવારા લેવામા આવેલ નથી કે ટ્રાયલ દરમિયાન તેઓને તપાસવામ્ર્ આવેલ નથી. વધુમાં ફરીયાદીએ તેમની જુબાનીમાં સદરહુ બનાવ તેઓ તેમની ભેંસો લઈને કાસીયા ગામની સીમમાં ચરાવવા માટે ગયેલા જયા તેઓ ઢોરો ચરાવતા હતા તે વખતે આશરે ૧૨ :૦૦ થી ૧૨ :૩૦ આસપાસ કહેવાતો બનાવ બનેલ હોવાનુ જણાવે છે પરંતુ આ કામે આંક–૩૦ થી ફરીયાદીની સારવાર કરનાર ડોકટરશ્રીને તપાસવામાં આવેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, '' ગઈ તા. ૧૨/૦૯/૨૦૧૮ ના રોજ તેઓ મેડીકલ ઓફીસર તરીકે સિવીલ હોસિપટલ ભરૂચ ખાતે ફરજ બજતાવતા હતા તે દરમીયાન એક દર્દી નામે જેન્તીભાઈ નટવરભાઈ વસાવા, ઉ.વ.૪૪ રહે. નવા કાસીયા તા. અંકલેશ્વર પોલીસ યાદી વિના ૧૦૮ એમ્બયુલન્સમા તેના પત્ની ભાવનાબેન સાથે સારવાર અર્થે આવેલા દર્દીને બનાવ વિશે પુછતા તેઓએ જણાવેલ કે તે દિવસે બપોરે ૧૨ થી ૧૨:૩૦ વાગ્યાની આસપાસ ખેતરમાં વિક્રમભાઈ

નાનુભાઈ વસાવાએ કુહાડી વડે હુકમલો કરી ઈજા કરેલ છે.'' હવે આ બાબતે ચર્ચા કરીએ તો ફરીયાદી તેમની જુબાની અને સરતપાસમાં કહેવાતો બનાવ સીમમાં બનેલ હોવાનુ જણાવે છે અને ડોકટરશ્રી સમક્ષની મેડીકલ હિસ્ટ્રીમાં કહેવાતો બનાવ ખેતરમાં બનેલ હોવાનુ જણાવે છે. આમ, કહેવાતા બનાવવાળી જગ્યામાં વિરોધાભાસ જણાય આવે છે. વધુમાં આંક –૨૫ વાળી ફરીયાદમાં ફરીયાદીએ બનાવવાળી તેઓ ઢોરો ચરાવવા ગયેલા અને તેઓના ગામના બીજા પશુપાલકો રામસંગભાઈ ઈશ્વરભાઈ વસાવા તથા વિલાસબેન દિલુભાઈ વસાવા તથા કિરણભાઈ છગનભાઈ વસાવા તથા કાળાભાઈ રમેશભાઈ પાટણવાડીયા તથા લાલાભાઈ ઉર્ફે મહારાજ તથા બીજા ગામના પશુપાલકો પોતપોતાના ઢોરો ચરાવતા હોવાની વિગતો જણાવે છે અને ફરીયાદીની આંક – ૩૨ ની જુબાનીમાં ફરીયાદીએ રામસિંગભાઈ, વિલાસબેન તથા બીજા દોડી આવેલા અને તેઓને મારમાંથી છોડાવેલા હોવાનુ વિગતો જણાવેલ છે. આ કામે ફરીયાદપક્ષે કાળાભાઈને આંક – ૧૫ થી તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં બનાવ કયારે કેટલા સમય પહેલા બનેલો તેની તેઓને કોઈ જાત માહીતી ન હોવાનુ જણાવે છે. સાહેદ વિલાસબેનને આંક – ૧૬ થી તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં બનાવ કયારે અને કેટલા સમય પહેલા બનેલો તેની તેઓને કોઈ જાત માહીતી ન હોવાનુ તેમજ, હાલના આરોપી વિરુધ્ધ જયંતીભાઈએ કોઈ ફરીયાદ આપેલ હોય તો તેની તેઓને કોઈ જાત માહીતી ન હોવાનુ જણાવે છે. અને આંક–૧૮ થી તપાસેલ સાહેદ મગનભાઈ, આંક–૧૯ થી તપાસેલ સાહેદ દિનેશભાઈ, આંક–૨૦ થી તપાસેલ સાહેદ લાલુભાઈ બનાવ વિશે કાંઈ જાણતા ન હોવાનુ જણાવેલ છે. અને આંક–૨૧ થી તપાસેલ સાહેદ રામસિંગભાઈ ગઈ તા. ૧૨/૦૯/ ૨૦૧૮ ના રોજ સવારના આશરે દસેક વાગ્યે તેઓ તથા તેમના ગામના બીજા પશુપાલકો તેઓના ઢોરો ચરાવવા માટે કાશીયા ગામની સીમમાં નર્મદા નદીના

કિનારે ગયેલ હતા અને તેઓ તેમની ભેસ ચરાવતા હતા તે વખતે શું બનેલુ તે તેઓએ જોયેલુ નથી.

આમ, આંક– ૧૬, ૧૮,૧૯,૨૦ તથા આંક– ૨૧ થી તપાસેલ સાહેદો કે જેઓ નજરે જોનાર સાહેદ છે અને ફરીયાદીના જણાવ્યા અનુસાર તેઓ બનાવ સ્થળે હાજર હતા તેઓની જુબાનીથી ફરીયાદીના પુરાવાને સમર્થન મળતુ નથી. સદર તમામ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલ છે તેઓએ ફરીયાદપક્ષના કેસની વિગતોને સમર્થન આપેલ નથી. વધુમાં આ કામે આંક–૧૪ થી રજુ પંચનામાના પંચ સાહેદોએ પણ પંચનામાની વિગતોને સમર્થન આપેલ નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલ છે. વધુમાં ફરીયાદપક્ષે આંક –૨૩ થી તપાસેલ સાહેદે પોતે કરેલ કાર્યવાહી અનુરુપ પુરાવો આપેલ છે પરંતુ એવુ સ્વિકારે છે કે તેઓએ ફરીયાદ લીધા સિવાય બીજી કોઈ કાર્યવાહી કરેલ નથી. આંક – ૨૬ થી તપાસેલ સાહેદની જુબાની ઉલટ તપાસ સહિત વંચાણે લેવામાં આવે તો તેઓ અમરસિંહભાઈએ લેખીત ફરીયાદ રજુ કરેલી જે તેઓએ એફ. આઈ. આર. રજીસ્ટરએ નોંધેલી અને તપાસ કરનાર અમલદારને તપાસ સોપેલી આ સિવાય તેઓએ બીજી કોઈ કાર્યવાહી કરેલી નથી કે ફરીયાદની હકીકત બાબતે એમાં કશુ જાણતા ન હોવા નુ સ્વિકારેલ છે. વધુમાં આંક – ૨૮ થી તપાસેલ ત.ક.અમલદાર પોતે કરેલ તપાસ કાર્યવાહી અનુરુપ પુરાવો આપેલ છે પરંતુ એવુ સ્વિકારે છે કે, ફરીયાદીની ફરીયાદ પ્રમાણે બનાવ કાંસીયા ગામની સીમમાં બનેલાનુ લખાવેલ છે જયારે મેડીકલ સર્ટીફીકેટમાં એવુ લખાવેલ છે કે બનાવ ખેતરમાં બનેલ છે. ફરીયાદીની ફરીયાદ અને મેડીકલ સર્ટીફીકેટમાં બનાવવાળી જગ્યા અલગ હોય તે બાબતે ફરીયાદીનુ વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. આ કામે કબજે કરવામાં હથીયાર પર કોઈ નિશાન જણાઈ આવેલ નથી. આ

કામે કબજે  લોહીવાળા કપડા કબજે કરેલ નથી. આ કામે વધુમાં, આ કામે ફરિયાદ પક્ષે આરોપી વિરૂધ્ધ ઈ. પી. કો. ની કલમ ૫૦૪ મુજબનો ગુનો કરેલ હોવાનો આક્ષેપ કરેલ છે તે સંદર્ભે જોઈએ તો ઈ.પી.કો. ની કલમ ૫૦૪ નીચે મુજબ છે:–

***504. Intentional insult with intent to provoke breach of the peace***

*Whoever intentionally insults, and thereby gives provocation to any person, intending or knowing it to be likely that such provocation will cause him to break the public peace, or to commit any other offence, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.*

આ કામે ફરિયાદીએ પોતાની એફ.આઈ.આર. માં કે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં (આંક–૩૨) માં કયા શબ્દોમાં ફરિયાદીને ગાળો આપેલ તે શબ્દો રેકોર્ડ ઉપર આવતા નથી. તેથી નામદાર ગુજરાત હાઈકોર્ટે નીચે મુજબના ચૂકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો પુરેપુરા આ કામે લાગુ પડે.

A. B. VATALIYA (P.S.I.) V. STATE OF GUJARAT AND ANR. ; 2011 (3) GLR 2557 :

*(A) Criminal Procedure Code, 1973 (2 of 1974) - Sec. 482 - Indian Penal Code, 1860 (45 of 1860) - Sec. 504 - Offence of intentional insult with intent to provoke breach of peace -* ***Complainant must mention in the complaint the exact words used by the accused - Complaint found to be vague without specific allegations*** *- Proceedings quashed.*

આમ, હાલના કામે ચોકકસ કયા શબ્દોમાં આરોપીએ ગાળો આપેલ તે શબ્દો જ રેકોર્ડ ઉપર આવેલ નથી અને તેથી નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચૂકાદામાના સિધ્ધાંતો ધ્યાને લેતા ઈ.પી.કો. ની કલમ–૫૦૪ મુજબનો ગુનો પુરવાર થતો નથી.

વધુમા આ કામના આરોપીની વિરૂધ્ધમા જી.પી એકટ–૧૩૫ અન્વયેનુ તહોમતનામુ છે. ફરીયાદમાં જણાવ્યા મુજબ બનાવ વખતે આરોપીએ કુહાડી જેવુ હથીયાર ધારણ કરેલ હતુ અને તે કારણસર જાહેરનામાનો ભંગ થતો હોઈ આ કામમા જી.પી એકટની કલમ ૧૩૫ મુજબનો ગુનો દાખલ થયેલ છે અને તે મુજબનો તહોમત ફરમાવેલ છે પરંતુ આ કામે બનાવ સમયે મે.જિલ્લા મેજી.શ્રી નો હથીયારબંધી અંગેના જાહેરનામાની જાહેર પ્રજામા પ્રસિધ્ધી કરાવેલ હોય કે તેવા કોઈ જાહેરનામાને લાઉડ સ્પીકર ધ્વારા દાંડી પીટી તેની બહોળી પ્રસિધ્ધી કરવામા આવેલ હોય કે ગેઝેટમા પ્રસિધ્ધી કરી જાહેર જગ્યાએ ચોટાડી તેની પ્રસિધ્ધી કરવામા આવેલ હોય તેવુ રેકર્ડ ઉપરના પુરાવાથી જણાઈ આવતુ નથી કે આવુ કોઈ જાહેરનામુ આ કામે રજુ થયેલ નથી. જેથી આ કામે ફરીયાદપક્ષ જાહેરનામાનો ભંગ થયેલાની હકીકત પુરવાર કરી શકેલ ન હોઈ જી.પી એકટની કલમ ૧૩૫ મુજબનો ગુનો પુરવાર થતો નથી.

આમ, સદરહુ કામે, ઉપર મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ થયેલો છે. તે પુરાવાનું તુલનાત્મક મુલ્યાંકન અને વિશ્લેષણ દવારા ગુનાહિત કૃત્ય માટે આ કામના આરોપી જ જવાબદાર છે તેવી હકીકત સબળ, સચોટ અને વિશ્વસનીય પુરાવા દવારા નિ:શંકપણે પુરવાર થઈ શકેલ નથી અને સ્પષ્ટ પણે તે હકીકતો પરત્વે શંકા ઉપસ્થિત થાય તેવી હકીકતો રેકર્ડ પર આવે છે અને તેથી જયારે પુરાવા દરમ્યાન કોઈ શંકા ઉપસ્થિત થાય ત્યારે ફોજદારી કાર્યરીતી સંહિતાની જોગવાઈઓ અનુસાર તેવી શંકાનો લાભ આરોપીને આપવામાં આવે છે. ફોજદારી કાર્યવાહીમાં સાબિતીનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે અને માત્ર સંભવિતતા દર્શાવવી પર્યાપ્ત નથી. કોઈ

હકીકત અંગે તે માનવા માટે બે સંભવિતતા નજર સમક્ષ આવતી હોય ત્યારે તેનો લાભ આરોપીને મળવો જોઈએ, એક શંકા ગમે તેટલી દૃઢ હોય તો પણ તે સાબિતીનું સ્થાન લઈ શકે નહી. સદરહું કામ જોવામાં આવે તો આરોપીઓ વિરૂધ્ધનો કેસ તમામ વ્યાજબી શંકાથી પર નિ:શંકપણે પુરવાર થતો નથી. આમ, ઉપર મુજબનો પુરાવો તથા કરેલ ચર્ચા મુજબ ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ મુદૃા નં.૧નો નિર્ણય નકારા આપી, મુદૃા નં.ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**-:: <u>હુકમ</u> ::-**

**(૧)** આ કામના આરોપી **વિક્રમભાઈ નાનુભાઈ વસાવા** નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ – ૨૪૮ (૧) અન્વયે ઈ.પી.કોડ કલમ –૩૨૬, ૫૦૪ તથા જી.પી.એકટ કલમ– ૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭ (એ) અન્વયે આરોપીએ અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાહેધરી માટે અગાઉ આપેલ જામીન, હુકમ તારીખથી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.અન્યથા નવા જામીન રજુ કરવા.

**(૩)** આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલનો અપીલ સમય વિત્યાબાદ નિયમોનુસાર નિકાલ કરવો.

આ હુકમ આજરોજ તારીખ: ૦૬મી, માહે. ઓગસ્ટ, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૬/૦૮/૨૦૨૬
સ્થળ : અંકલેશ્વર

**(વી.વી. શુકલા)**
ત્રીજા એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,
અંકલેશ્વર
**કોડ નં.જી.જે.૦૧૩૪૩**